<table>
<tr><td rowspan="5">GJBK010003532026</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૩૦/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૩૦/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૧૨/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૦</td><td>૧૩</td></tr>
</table>

**બનાસકાંઠા જિલ્લાના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજ: ૬૨૮/૨૦૨૬**

**આંક.**

**અરજદાર :** **પ્રકાશભાઈ દેવાભાઈ રાઠોડ તે**
**Visopm Tyer & Scrap Exim Firm**
**ના પ્રોપરાઈટર અને એકઝીકયુટર,**
ઉ.વ.આ. ૪૫, ધંધો – વેપાર,
રહે. એફ–૪૦૨, સહજાનંદ રેસીડન્સી–૨,
ન્યુ ઈન્ડીયા કોલોની, નિકોલ, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **૧. શ્રી સરકાર**

**૨. વિષ્ણુ વિનોદભાઈ તુવર**
ઉ.વ.આ. ૩૩, ધંધો – વેપાર,
રહે. વિરકૃપા સોસાયટી, મું. ચંડીસર,
તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.

| | |
|---|---|
| **ગુનો :–** | ક્રિમિનલ અપીલ નં. ૬૬/૨૦૨૬, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૫ મુજબ. |

| | |
|---|---|
| **અરજ :–** | બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩(૧)(બી) મુજબ ક્રિમિ.અપીલ નં. ૬૬/૨૦૨૬ ના કામે આંક. ૫ નીચે કરેલ હુકમની શરત નં. ૨ રદ કરવા તથા શરત નં. ૫ ના કામે અરજદારે જમા કરાવેલ પાસપોર્ટ પરત મેળવવા બાબત. |

અરજદાર તરફે વિ. વકીલ શ્રી એન.આર. ગોયલ
સામાવાળા તરફે વિ. અ઼ેડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા

ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
પાલનપુર.

## -:: ચુકાદો ::-

૧. આ કામના અરજદારે ક્રિમિનલ અપીલ નં. ૬૬/૨૦૧૬ ના કામે આંક. ૫ ની અરજી એન.આઇ.એકટની કલમ-૧૩૮ ના ગુન્હાના કામે જામીન ઉપર મુકત થવા સારૂ કરેલ, જે અરજી મંજુર કરવામાં આવેલ અને તેમાં ફરમાવવામાં આવેલ શરત નં. ૨ અને ૫ રદ કરી અરજદારનો પાસપોર્ટ પરત આપવા સારૂ હાલની અરજી કરેલ છે.

૨. સામાવાળા તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા હાજર થયેલ છે.

૩. અરજદાર તરફે વિ. વકીલ શ્રી એન.આર. ગોયલે રજુઆત કરેલ છે કે, અરજદાર સામે સામાવાળા નં. ૨ વાળાએ પાલનપુરના વિ. ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ક્રિમિનલ કેસ નં. ૨૫૭૪/૨૦૨૪ થી ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેની ફરિયાદ કરેલી. જે ફરિયાદમાં અરજદાર નિયમિત હાજર ન રહી શકતાં સદર કામ એકતરફી ચાલી જઇ અરજદારને તા. ૨૯/૧૦/૨૦૨૫ ના રોજ તકસીરવાન ઠરાવેલ. જે હુકમ સામે અરજદાર અત્રેની કોર્ટમાં ક્રિમિનલ અપીલ નં. ૬૬/૨૦૨૬ થી દાખલ કરી અરજદારને નિર્દોષ ઠરાવવા સારૂ અપીલ કરેલ અને અપીલની સાથે બી.એન.એસ.ની કલમ- ૪૩૦(૩) અન્વયે હુકમ મોકુફ રાખી અરજદારને જામીન ઉપર મુકત કરવાની આંક. ૫ થી અરજી કરતાં, સદ રઅરજી અત્રેની કોર્ટ ધ્વારા મંજુર કરી શરતોને આધીન અરજદારને જામીન ઉપર મુકત કરેલ. જે હુકમની શરત નં. ૨ મુજબ એપેલન્ટ-આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી, અને શરત નં. ૫ મુજબ એપેલન્ટ-આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે દિન-૩ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવો. અને શરત નં. ૫ મુજબ અરજદારે તેમનો પાસપોર્ટ નં. V-4620647 સેફ કસ્ટડી નં.

૧૪૩/૨૦૨૬ થી તા. ૨૭/૦૫/૨૦૨૬ ના રોજ જમા કરાવેલ છે. અરજદારને વિદેશમાં વેપાર ધંધો કરતા હોઇ અવાર નવાર વિદેશ જવાનું થતું હોઇ સદરહું તેમનો પાસપોર્ટ પરત આપવા તેમજ ભારત દેશની હદ છોડવાની પરવાનગી આપવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાએ રજુઆત કરેલ છે કે, અરજદારને પાસપોર્ટ પરત આપવામાં આવશે અને ભારત દેશની હદ છોડવાની પરવાનગી આપવામાં આવશે તો ટ્રાયલમાં વિક્ષેપ પડવાની શકયતા છે અને અરજદારને પાસપોર્ટ પરત આપવાથી અરજદાર ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે કે કેમ? તે શંકા ઉત્પન્ન કરે છે. પાસપોર્ટ આપવાનું કોઇ ખાસ કારણ અરજીમાં જણાવેલ નથી, જેથી અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. રેકર્ડ વંચાણે લેતાં જણાય આવે છે કે, અરજદાર સામે સામાવાળા નં. ૨/મુળ ફરિયાદીએ પાલનપુરના વિ. ચોથા એડી. ચીફ જયુડી.મેજી. શ્રીની કોર્ટમાં ક્રિમી. કેસ નં. ૨૫૭૪/૨૦૨૪ થી ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરેલી. જે કેસ ચાલી જતાં અરજદાર/આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ. જેની સામે અરજદાર/મુળ આરોપીએ અત્રેની કોર્ટમાં ક્રિમીનલ અપીલ નં. ૬૬/૨૦૨૬ થી વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા સારૂ અપીલ કરેલ, અને અપીલ ચાલતાં દરમ્યાન આંક. ૫ ની અરજી આપી વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ સ્ટે કરવા અને તેઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ. જે આંક. ૫ ની અરજી નીચે હુકમ કરી તેઓને શરતોને આધીન જામીન ઉપર મુકત કરેલ છે. જે શરત નં. ૫ મુજબ અરજદારે તેમનો પાસપોર્ટ સેફ

કસ્ટડી નં. ૧૪૩/૨૦૨૬ થી તા. ૨૭/૦૫/૨૦૧૬ ના રોજ નાઝરશ્રી સમક્ષ જમા કરાવેલ છે. અરજદારની રજુઆત મુજબ તેઓને વિદેશમાં વેપાર ધંધો કરતા હોઇ અવાર નવાર વિદેશ જવાનું થતું હોઇ તેઓ વેપારી વર્ગના ઇસમ હોઇ અને અવાર નવાર વેપાર ધંધાર્થે વિદેશમાં જઇ ધંધો વિકસાવવાની તક મળી રહે તે હોય, તેઓનો પાસપોર્ટ પરત મેળવવા રજુઆત કરેલ છે તેમજ શરત નં. ૨ રદ કરી ભારત દેશની હદ છોડવાની પરમીશન આપવા રજુઆત કરેલ છે. અરજદાર તેમની સામેના કેસની મુદતે નિયમિત રીતે હાજર રહે છે જે હકીકત ધ્યાને લેતાં, અરજદાર વેપારી વર્ગના ઇસમ છે અને તેમને ધંધાર્થે વિદેશ જવાનું થતું હોય, અને નામદાર વડી અદાલતના ચુકાદા પ્રમાણે તેમજ ભારતના સંવિધાનની જોગવાઇઓ મુજબ દરેક વ્યકિતને હરવા ફરવાનો અને પોતાનો ધંધો કરવાનો અને સ્વતંત્રતાનો અધિકાર છે અને તે સંજોગોને નજર સમક્ષ રાખતાં, અરજદારને મર્યાદિત સમય માટે વિદેશ જવા માટે પરવાનગી રૂપે પાસપોર્ટ જમા કરાવવાની કરેલ શરત હાલ પુરતી સ્થગિત કરવાથી ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે અને તે પરવાનગી કેટલીક શરતોને આધીન આપવી ન્યાયના હિતમાં છે. તેમજ અરજદારને ભારત દેશની હદ છોડવી નહિ તે શરતમાંથી પણ મર્યાદિત સમય માટે મુકિત આપવી ન્યાયના હિતમાં જણાય છે. કારણ કે, સ્વાભાવિક છે કે અરજદરાને વિદેશ જવા માટે ભારત દેશની તથા ગુજરાત રાજયની હદ છોડવી પડે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

૧. અરજદારની અરજી નીચેની શરતોને આધીન આથી મંજુર કરવામાં આવે છે.

૨. ક્રિમિનલ અપીલ નં. ૬૬/૨૦૨૬ ના કામે આંક. ૫ ના કામે ફરમાવેલ શરત નં. ૫ તા. ૧૬/૦૬/૨૦૨૬ થી બે મહિના એટલે

ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
પાલનપુર.

કે, ૧૬/૦૮/૨૦૨૬ ના સમય સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદાર પ્રકાશભાઈ દેવાભાઈ રાઠોડ તે Vision Tyre & Scrap Exim Firm ના પ્રોપરાઈટર અને એકઝીક્યુટર, રહે. એફ–૪૦૨, સહજાનંદ રેસીડેન્સી–૨, ન્યુ ઈન્ડીયા કોલોની, નિકોલ, અમદાવાદ નાઓને તેમનો અસલ **પાસપોર્ટ નં. V–4620647** જે અત્રેની ડીસ્ટ્રીકટ કોર્ટ સેઈડ કસ્ટડી નં. ૧૪૩/૨૦૨૬, તા. ૨૭/૦૫/૨૦૧૬ થી જમા છે, તે ઉપરોકત સમય માટે પરત આપવો.

૪. અરજદારે તા. ૧૬/૦૮/૨૦૨૬ અગર તે પહેલા પરત આવી આ પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવી દેવો.

૫. અરજદારે **રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પુરા)** અત્રેની કોર્ટમાં નાઝરશ્રી સમક્ષ ડીપોઝીટ પેટે જમા કરાવવા, અને તા. ૧૬/૦૮/૨૦૨૬ ના રોજ અગર તે પહેલા પાસપોર્ટ જમા આવ્યેથી આ રકમ અરજદારને પરત સોંપવી.

**શરત :–**

૧. અરજદારે અન્ડરટેકીંગ આપવાનું રહેશે કે આ શરતનો દુરૂઉપયોગ નહિ થાય અને માત્ર પોતાના ધંધાર્તે વિદેશ જવા માટે પાસપોર્ટનો ઉપયોગ કરી શકશે અને પરત આવ્યેથી અત્રેની કોર્ટને જાણ કરશે અને પોતાનો પાસપોર્ટ પરત આવ્યાના ત્રણ દિવસની અંદર અત્રેની કોર્ટ સમક્ષ જમા કરાવવાનો રહેશે.

– હુકમની યાદી નાઝરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, પાલનપુર ને કરવી.

હુકમ આજ તા. **૧૨** મી માહે **જૂન,** સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર
તારીખ : ૧૨/૦૬/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

//**RAVAL**//

ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
પાલનપુર.